**પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક કરવા બાબત.**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૧૧૦–૨૨૩–ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૧૫ –૪–૨૦૧૦

**સંદર્ભ :–**

૧. શિ.વિ.નો તા. ૧૯–૭–૮૯નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૩૮૯–૧૭૨૮–ક
૨. શિ.વિ.નો તા. ૨૭–૪–૯૪નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૩૯૦–ધા.સ.–૨૦૬–ક
૩. શિ.વિ.નો તા. ૧૧–૭–૯૪નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૩૯૦–ધા.સ.–૨૦૬(૧)–ક
૪. શિ.વિ.નો તા.૧૧–૬–૯૮નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૦૯૬– ૩૦૫૦– ૧૦૨૭ (૯૮)ક
૫. શિ.વિ.નો તા. ૩૧–૮–૯૮નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૩૯૮–સીસી–૨૯૪–ક
૬. શિ.વિ.નો તા. ૨૧–૬–૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૦૯૬–૩૦૫૦–ક
૭. શિ.વિ.નો તા. ૧–૧૦–૨૦૦૧નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૦૯૬–ઈએમ–૪૪૨–ક
૮. શિ.વિ.નો તા. ૩–૯–૦૪નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૦૯૬–ઈએમ–૪૪૨–ક
૯. શિ.વિ.નો તા. ૧૮–૯–૦૭નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૦૯૬–૩૦૫૦–ક
૧૦. શિ.વિ.નો તા. ૧૧–૪–૦૮નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૧૦૭–૧૦૧૯–ક
૧૧. શિ.વિ.નો તા. ૧–૬–૦૯નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ–૧૧૨૦૦૯–૨૩૯૭૬૦–ક

**આમુખ :**

ભારત સરકારે બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ–૨૦૦૯ અને ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) અધિનિયમ–૨૦૧૦ તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટના સ્પે.સી.એ.નં. ૮૦૭૫/૦૧ વીથ સ્પે.સી.એ.નં. ૪૩૩૨/૦૬ માં આપેલ તા. ૮–૧–૦૭ના ચુકાદા અન્વયે ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણમાં કેટલાક સુધારા કરવા જરુરી છે. તે અન્વયે રાજયમાં પ્રાથમિક શિક્ષણ ધોરણ ૧ થી ૭ ને બદલે હવે પ્રાથમિક શિક્ષણ ધો. ૧ થી ૮ જેમાં ધો. ૧ થી ૫ નિમ્ન પ્રાથમિક શિક્ષણ અને ધો. ૬ થી ૮ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ગણાશે.

ઉપર્યુકત ફેરફારને કારણે બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ–૨૦૦૯ ની કલમ–૧૯ અને ૨૫ નાં શિડયુલમાં નિયત થયેલ ધોરણ અને લાયકાતો તથા નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજયુકેશન એકટ –૧૯૯૩ હેઠળ નિયત થયેલ નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજયુકેશન (ડીટરમીનેશન ઓફ મીનીમમ કવોલીફીકેશન ફોર રીક્રુટમેન્ટ ઓફ ટીચર્સ ઈન સ્કૂલ્સ) રેગ્યુલેશન–૨૦૦૧ માં પ્રાથમિક શિક્ષકોની નિયત થયેલ લાયકાત અન્વયે જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિઓ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓ ધ્વારા મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ની કલમ–૫૪ અને ૬૩ થી પ્રાપ્ત થયેલ સત્તાની રુએ નિમ્ન પ્રાથમિક શિક્ષણ અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ માટે વિદ્યાસહાયકની ભરતી માટે પુખ્ત વિચારણાને અંતે

નીચે મુજબના ધોરણો રાખવાનું સરકાર ઠરાવે છે.

**ઠરાવ :**

## ૧. નિમ્ન પ્રાથમિક શાળાના વિદ્યાસહાયકો/પ્રાથમિક શિક્ષકો :

ધો. ૧ થી ૫ નિમ્ન પ્રાથમિક શિક્ષણમાં વિદ્યાસહાયકની ભરતી અને ઉમેદવારોની પસંદગી માટે નીચે મુજબના ધોરણો અનુસરવાના રહેશે.

(અ) જે તે જિલ્લાની વિદ્યાસહાયકોની કુલ ભરવાપાત્ર થતી જગાના ૯૫ ટકા જગ્યાઓ એચ.એસ.સી./પી.ટી.સી. લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરવી. તે પૈકી ૧૦ ટકા જગ્યાઓ એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ સાથે પી.ટી.સી. થયેલ ઉમેદવારોથી ભરવાની રહેશે, જો એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ સાથે પી.ટી.સી. થયેલ ઉમેદવારો પુરતી સંખ્યામાં ઉપલબ્ધ ન થાય તો બાકી રહેતી જગ્યાઓ એચ.એસ.સી./પી.ટી.સી.થયેલ ઉમેદવારોથી ભરવાની રહેશે.

એચ.એસ.સી./પી.ટી.સી.ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે :–

| | |
|---|---|
| એચ.એસ.સી. માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |
| પી.ટી.સી.માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

**<u>નોધ</u> :**– શિ.વિ.ના તા. ૭–૭–૦૮ના ઠરાવ ક્રમાંક: જશભ/૧૨૦૮/૨૫૮–ન થી નિયત થયા અનુસાર પી.ટી.સી.ના બીજા વર્ષના પરિણામ પત્રકમાં દર્શાવેલ કુલ લેખિત ૯૦૦ ગુણ વત્તા ૫૦ ગુણ વાર્ષિક પાઠના અને ૫૦ ગુણ ટી.એલ.એમ./કોમ્પ્યુટર પ્રાયોગિક/વાર્ષિક પ્રાયોગિક કાર્યશિક્ષણ એમ કુલ મળી ૧૦૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને આધારે ઉપરોક્ત ટકાવારી ગણવાની રહેશે.

(બ) જે તે જિલ્લાની વિદ્યાસહાયકોની કુલ ભરવાપાત્ર થતી જગાના ૩% જગ્યાઓ એચ.એસ.સી./સી.પી.એડ. લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરવાની રહેશે.

એચ.એસ.સી./સી.પીએડ ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે :–

| | |
|---|---|
| એચ.એસ.સી. માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |
| સી.પી.એડ. માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

(ક) જે તે જિલ્લાની વિદ્યાસહાયકોની કુલ ભરવાપાત્ર થતી જગાના ૨% જગ્યાઓ એચ.એસ.સી./એ.ટી.ડી. લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરવાની રહેશે.

એચ.એસ.સી./એ.ટી.ડી. ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે :–

| | |
|---|---|
| એચ.એસ.સી. માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |
| એ.ટી.ડી. માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

## ૨. <u>ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાસહાયકો/પ્રાથમિક શિક્ષકો :</u>

ધો. ૬ થી ૮ ઉચ્ચતર પ્રાથમિક શિક્ષણ માટે વિદ્યાસહાયકની ભરતી અને ઉમેદવારોની પસંદગી માટે નીચે મુજબના ધોરણો અનુસરવાના રહેશે.

(અ) <u>**ગણિત વિજ્ઞાન શિક્ષક :**</u> નીચે પ્રમાણે ભરતી થયેલ વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક ઉચ્ચ વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક (ગણિત–વિજ્ઞાન) કહેવાશે.

જે તે જિલ્લાની વિદ્યાસહાયકોની કુલ ભરવાપાત્ર થતી જગ્યાની એક તૃતીયાંશ જગ્યાઓ (જો આ સંખ્યા પૂર્ણાંકમાં ના આવે તો સંખ્યાના તરત ઉપરના પૂર્ણાંક લેવાના રહેશે. દા.ત. કુલ ખાલી જગ્યાઓ ૫૧૯૨ હોય તો તેના ૧/૩ પ્રમાણે ૧૭૩૦.૬ ના બદલે ૧૭૩૧ જગ્યાઓ ગણતરીમાં લેવી.) બી.એસ.સી, બી.એડ. થયેલા ઉમેદવારોથી ભરવાની રહેશે. જો વિદ્યાસહાયકોની જગ્યાએ નિમણૂંક માટે બી.એસ.સી. બી.એડ. થયેલા ઉમેદવારો પુરતી સંખ્યામાં ઉપલબ્ધ ન થાય તો બાકી જગ્યાઓ માટે એચ.એસ.સી.,પી.ટી.સી. થયેલા ઉમેદવારોની નિમણૂંકથી ભરવાની રહેશે.

વિદ્યાસહાયકોની જગ્યા માટે ઉપરોક્ત શૈક્ષણિક લાયકાતો ધરાવતા ઉમેદવાર ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં ગણિત વિષય સાથે ઉતિર્ણ થયેલો હોવો ફરજીયાત રહેશે.

ઉપર્યુકત શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમદવારોની પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચે મુજબ ગુણાંકન પધ્ધતિ અનુસરવાની રહેશે.

**(૧) બી.એસ.સી.બી.એડ. ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે:–**

| | |
|---|---|
| બી.એસ.સી. માં મેળવેલ ગુણના | ૪૫ ટકા |
| અનુસ્નાતકમાં મેળવેલ ગુણના | ૦૫ ટકા (જો ઉમેદવાર અનુસ્નાતકની લાયકાત ધરાવતો હોય તો) |
| બી.એડ. માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

**(૨) એચ.એસ.સી. (વિજ્ઞાન પ્રવાહ)/પી.ટી.સી.ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે :–**

| | |
|---|---|
| એચ.એસ.સી. માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |
| પી.ટી.સી.માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

(બ) <u>**અંગ્રેજી અને અન્ય ભાષાના વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક :**</u>

નીચે પ્રમાણે ભરતી થયેલ વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષકો ઉચ્ચ વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષક (અંગ્રેજી અને અન્ય ભાષા) કહેવાશે.

જે તે જિલ્લાની વિદ્યાસહાયકોની કુલ ભરવાપાત્ર થતી જગાની એક તૃતીયાંશ જગ્યાઓ બી.એ. (અંગ્રેજી), બી.એડ ની લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરવાની રહેશે.

જો ઉપર્યુકત લાયકાત વાળા ઉમેદવારો ઉપલબ્ધ ન થાયતો, એચ.એસ.સી. અંગ્રેજી વિષય સાથે પાસ કરેલ હોય અને બી.એ.બી.એડ. (ગુજરાતી/હિન્દી/સંસ્કૃત) ની લાયકાત ધરાવતા હોય તેવા અથવા અંગ્રેજી વિષય સાથે એચ.એસ.સી. પાસ થયેલ તથા પી.ટી.સી.ની લાયકાત ધરાવતા ઉમેદવારોની સંયુકત પસંદગી યાદી તૈયાર કરી ભરતી કરવામાં આવશે.

**(૧) બી.એ. (અંગ્રેજી), બી.એડ. ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટેઃ—**

| | | |
|---|---|---|
| બી.એ. માં મેળવેલ ગુણના | ૪૫ ટકા | |
| અનુસ્નાતકમાં મેળવેલ ગુણના | ૦૫ ટકા | (જો ઉમેદવાર અનુસ્નાતકની લાયકાત ધરાવતો હોય તો) |
| બી.એડ. માં મેળવેલ ગુણના | ૫૦ ટકા | |

**(૨) એચ.એસ.સી. અંગ્રેજી વિષય સાથે અને બી.એ. (ગુજરાતી/હિન્દી/સંસ્કૃત) બી.એડ. અથવા એચ.એસ.સી. અંગ્રેજી વિષય સાથે પી.ટી.સી. થયેલ ઉમેદવારો માટે :—**

| | | |
|---|---|---|
| એચ.એસ.સી. માં મેળવેલ ગુણના | ૩૫ ટકા | |
| બી.એ.માં મેળવેલ ગુણના | ૧૦ ટકા | |
| અનુસ્નાતકમાં મેળવેલ ગુણના | ૦૫ ટકા | (જો ઉમેદવાર અનુસ્નાતકની લાયકાત ધરાવતો હોય તો) |
| બી.એડ./પી.ટી.સી.માં મેળવેલ ગુણના | ૫૦ ટકા | |

(ક) **જિલ્લામાં વિદ્યાસહાયકોની બાકી જગ્યાઓ :** સ્નાતક અને બી.એડ. અથવા એચ.એસ.સી. પી.ટી.સી.ની લાયકાત ધરાવતા ઉમેદવારોની સંયુકત પસંદગી યાદી તૈયાર કરીને તેમાંથી તેમના ગુણાનુક્રમ પ્રમાણે નિમણૂંક આપવાની રહેશે.

ઉપર્યુકત જગ્યાઓ માટે ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવા નીચે મુજબ ગુણાંકન પધ્ધતિ અનુસરવાની રહેશે :—

| | | |
|---|---|---|
| એચ.એસ.સી. માં મેળવેલ ગુણના | ૩૫ ટકા | |
| બી.એ.માં મેળવેલ ગુણના | ૧૦ ટકા | |
| એમ.એ. માં મેળવેલ ગુણના | ૦૫ ટકા | (જો ઉમેદવાર અનુસ્નાતકની લાયકાત ધરાવતો હોય તો) |
| બી.એડ./પી.ટી.સી.માં મેળવેલ ગુણના | ૫૦ ટકા | |

નોધ : ૨ (અ) (બ) (ક) માં પી.ટી.સી.ના ગુણ ગણતરી માટે શિ.વિ.ના તા. ૭–૭–૦૮ના ઠરાવ ક્રમાંકઃ જશભ/૧૨૦૮/૨૫૮/ન થી નિયત થયા અનુસાર પી.ટી.સી.ના બીજા વર્ષના પરિણામ પત્રકમાં દર્શાવેલ કુલ લેખિત ૯૦૦ ગુણ વત્તા ૫૦ ગુણ વાર્ષિક પાઠના અને ૫૦ ગુણ ટી.એલ.એમ./કોમ્પ્યુટર પ્રાયોગિક/વાર્ષિક પ્રાયોગિક કાર્યશિક્ષણ એમ કુલ મળી ૧૦૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને આધારે ઉપર્યુકત ટકાવારી ગણવાની રહેશે.

ઉપર નિર્દિષ્ઠ શૈક્ષણિક લાયકાત એક કરતાં વધુ પ્રયત્ને કોઈપણ વિષયમાં મુક્તિના લાભ સિવાય મેળવી હોય તો દરેક પ્રયત્ન દીઠ એક ટકો માર્ક કાપી ત્યારબાદ તે લાયકાતના ગુણ ગણતરીમાં લેવાના રહેશે, અને જો આવી લાયકાત અમુક વિષયમાં મુક્તિના લાભ સાથે મેળવેલી હોયતો ઉમેદવારે બધાજ પ્રયત્નોમાં બધાજ વિષયોમાં મેળવેલ કુલ ગુણના સરવાળાને બધા પ્રયત્નો વખતે રાખેલા વિષયના સરવાળા વડે ભાગતા જે ગુણની ટકાવારી આવે તેના આધારે ઉમેદવારની ગુણવત્તા નકકી કરવાની રહેશે.

ઉપરના પ્રસંગો સિવાય જે કિસ્સામાં ઉમેદવાર વાર્ષિક પરીક્ષામાં અમુક વિષયોમાં ગેરહાજર રહીને આવી લાયકાત મુક્તિના લાભ સાથે મેળવેલી હોયતો ઉમેદવારે બધા પ્રયત્નોમાં બધા વિષયોમાં મેળવેલા કુલ ગુણના સરવાળામાંથી ૧૫ ગુણ બાદ કરીને બધા પ્રયત્નો વખતે રાખેલા વિષયના સરવાળાની સંખ્યા વડે ભાગતા ગુણની જે ટકાવારી આવે તેના આધારે ગુણવત્તા નકકી કરવાની રહેશે.

૩. વિદ્યાસહાયકની જગ્યા માટે અરજી કરનાર ઉમેદવારે (૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર ધ્વારા લેવાયેલી એચ.એસ.સી.ની પરીક્ષા તથા (૨) ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ ગાંધીનગર ધ્વારા લેવાયેલી પી.ટી.સી., સી.પી.એડ. તથા એ.ટી.ડી.ની પરીક્ષા પાસ કરેલી હોવી જોઈશે.

ઉમેદવારે પાસ કરેલી પી.ટી.સી./સી.પી.એડ./એ.ટી.ડી. અને બી.એડ.ની પરીક્ષા નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજયુકેશન ધ્વારા માન્ય સંસ્થામાંથી જ પાસ કરેલી હોવી જોઈશે. અને સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાની ડીગ્રી યુ.જી.સી. ધ્વારા માન્ય કરેલ યુનિવર્સીટીમાંથી મેળવેલ હોવી જોઈશે.

૪. જિલ્લામાં નિમ્ન પ્રાથમિક શાળાના વિદ્યાસહાયકો/પ્રાથમિક શિક્ષકો અને ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાસહાયકો/પ્રાથમિક શિક્ષકોની મળવાપાત્ર જગ્યાઓ શાળાની વિદ્યાર્થી સંખ્યા/વર્ગની સંખ્યાના આધારે વખતો વખત સરકારશ્રી નકકી કરે તે પ્રમાણે રહેશે. નિમ્ન પ્રાથમિક શાળાના વિદ્યાસહાયકો/પ્રાથમિક શિક્ષકો અને ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાસહાયકો/પ્રાથમિક શિક્ષકોમાં જે તે વિભાગમાં જેટલી ખાલી જગ્યાઓ પડશે તેટલી જગ્યાઓ જે તે વિભાગ માટે ભરવાની રહેશે. જગ્યાઓ ભરતી વખતે આગામી એક વર્ષમાં ખાલી પડનાર જગ્યાઓનો પણ સમાવેશ કરવાનો રહેશે. વધુમાં ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાસહાયકો/પ્રાથમિક શિક્ષકોની ઉપર દર્શાવેલ ફકરા–૨ (અ),(બ) અને (ક) ની જોગવાઈઓ પ્રમાણે જે કેટેગરીમાં જેટલી જગ્યાઓ ખાલી પડશે તેટલી જગ્યાઓ જે તે કેટેગરી માટે ભરવાની રહેશે.

૫. જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિએ તેઓના જિલ્લા માટે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના વખતોવખતના પ્રવર્તમાન નિયમોનુસાર લાગુ પડતી અનામતની નિયત ટકાવારી ધ્યાને લઈ જિલ્લા/નગર શિક્ષણ સમિતિએ આગામી એક વર્ષમાં ખાલી પડનાર જગ્યાઓ સહિત અનામત વર્ગવાર જરુરીયાત દર્શાવીને ખાલી પડેલ જગ્યાઓ ભરવા માટે

માંગણી પત્રક પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને મોકલી આપવાનું રહેશે.

૬. (અ) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ની કલમ–૨૩ મુજબ વિદ્યાસહાયકની ભરતી માટે રાજ્ય કક્ષાની પસંદગી સમિતિ નીચે મુજબ રહેશે.

૧. પ્રાથમિક શિક્ષણ નિયામક– અધ્યક્ષ
૨. નાયબ પ્રાથમિક શિક્ષણ નિયામક (પ્રાથમિક શિક્ષણ) – સભ્ય સચિવ
૩. સરકાર નકકી કરે તેટલા સભ્યો

(બ) મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ ૧૯૪૭ની કલમ–૨૩–ક અનુસાર વિદ્યાસહાયકની નિમણૂંક માટેની પસંદગી સમિતિ નીચે મુજબ રહેશે. નિમણૂંક માટેની પસંદગી સમિતિમાં ઓછામાં ઓછા બે સભ્યો હાજર હોવા જોઈશે.

– **જિલ્લા શિક્ષણ સમિતિ માટે**

૧. જિલ્લા શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી
૨. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રિન્સીપાલ
૩. જિલ્લા શિક્ષણાધિકારી
૪. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી–સભ્ય સચિવ

– **મહાનગરપાલિકા/નગરપાલિકાની પ્રાથમિક શિક્ષણ સમિતિ માટેઃ–**

૧. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી
૨. જિલ્લા શિક્ષણાધિકારી
૩. શાસનાધિકારી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ–સભ્ય સચિવ

૭. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ રાજ્યની તમામ જિલ્લા/નગર શિક્ષણ સમિતિ ધ્વારા મળેલ માંગણી પત્રકને સંકલિત કરી બહોળી પ્રસિધ્ધિ ધરાવતા વર્તમાન પત્રોમાં સંયુકત જાહેરાત આપવાની રહેશે. જે અન્વયે તેઓને નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોની મળેલ અરજીઓની સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ પ્રસ્તુત ઠરાવથી ઉમેદવારોની પસંદગી માટે નિયત થયેલ ધોરણો લક્ષમાં લઈ દરેક જિલ્લા/નગર શિક્ષણ સમિતિઓને માંગણી પત્રક મુજબની અલગ અલગ જિલ્લાવાર ઉમેદવારોની મેરીટ યાદી તૈયાર કરીને સંબંધિત જિલ્લા/નગર શિક્ષણ સમિતિને મોકલશે. જેને આધારે સંબંધિત જિલ્લા/નગર શિક્ષણ સમિતિએ દરેક ઉમેદવારના અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે અને શિક્ષકના વ્યવસાયમાં બાધારૂપ થાય તેવી કોઈપણ શારીરિક ક્ષતિ જેવી કે અંધાપો, બહેરાશ, તોતડાપણુ, હલનચલનમાં તકલીફ કે કાળા પાટીયા પર લખવામાં તકલીફ વગેરે ધરાવતો નથી તે બાબતની ચકાસણી માટે રુબરુ મુલાકાતમાં બોલાવી કેમ્પ યોજીને ગુણાનુક્રમ અનુસાર પસંદગી કરીને નિમણૂંક હુકમો આપવાના રહેશે.

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની પસંદગી સમિતિએ ઉમેદવારોની પસંદગી યાદીમાં દર્શાવેલી જગ્યાઓની ૧૦ ટકાની મર્યાદામાં કેટેગરી વાઈઝ પ્રતિક્ષા યાદી તૈયાર કરવાની રહેશે.

(અ) પ્રતિક્ષાયાદી તૈયાર થયા તારીખથી એક વર્ષ અથવા પછીની ભરતી પ્રક્રિયાના આધારે જે તારીખે નવી પસંદગી યાદી તૈયાર થાય તે તારીખના આગળના દિવસના કચેરી સમય એ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી અમલમાં રહેશે. આ સમય મર્યાદા પૂર્ણ થતાં તે પ્રતિક્ષા યાદી આપોઆપ રદ થયેલ ગણાશે.

(બ) જિલ્લા/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની માંગણી મુજબ કેટેગરી વાઈઝ તૈયાર કરેલ પ્રતિક્ષા યાદીમાંથી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ નીચે (૧) થી (૩) માં દર્શાવેલ સંજોગોમાં ઉમેદવારોના નામોની ભલામણ કરવાની રહેશે.

(૧) સંબંધિત પસંદગી યાદીમાંથી નિમણૂંક આપેલ ઉમેદવાર વિદ્યાસહાયક તરીકે હાજર ન થવાથી જગ્યા ખાલી રહે.

(૨) સંબંધિત પસંદગી યાદીમાંનો ઉમેદવાર નિયત લાયકાત (શૈક્ષણિક/ઉંમર વિષયક/શારીરિક યોગ્યતા/ સક્ષમ સત્તાધિકારીએ જાતિ વિષયક પ્રમાણપત્ર અમાન્ય ઠરાવેલ હોય/અન્ય) ધરાવતા નથી તેવું પુરવાર થતાં તેની નિમણૂંક રદ થવાથી જગ્યા ખાલી પડે/રહે.

(૩) સંબંધિત પસંદગી યાદીમાંથી નિમણૂંક આપેલ ઉમેદવાર હાજર થયા પછી રાજીનામું આપવાથી કે અન્ય કારણોસર ફરજ મુકત થવાથી જગ્યા ખાલી પડે.

૮. જે તે જિલ્લામાં વિદ્યાસહાયકોની કુલ મંજુર થયેલી જગાઓના પ્રમાણમાં અનુસુચિત જાતિ, અનુસુચિત જન જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ, તથા શારીરિક ખોડ ખાંપણની કેટેગરી માટે રાજય સરકારે સંબંધિત જિલ્લા માટે સીધી ભરતી માટે નકકી કરેલ અનામતની ટકાવારી મુજબ નિમણૂંક કરવાની રહેશે.

૯. સામાન્ય વહીવટ વિભાગના તા. ૯–૪–૯૭ના જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૯૭/૧૩/સીઆરઆર/ ૧૦૯૬/૨૨૧૨/ગ–૨ તથા વખતોવખતના જાહેરનામા/ઠરાવ મુજબ મહિલાઓ માટે જે તે કેટેગરીમાં ૩૦ ટકા જગ્યાઓ અનામત રાખવાની રહેશે.

૧૦. સરકાર ધ્વારા વખતો વખત પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત આપવામાં આવેલ સુચના અને શરતોને આધીન રહીને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીશ્રીએ નિમણૂંક આપવાની રહેશે.

૧૧. વિદ્યાસહાયકોને પ્રતિમાસ રૂા. ૨૫૦૦/– અથવા સરકારશ્રી વખતોવખત નકકી કરે તે પ્રમાણેનું ઉચ્ચક માનદ વેતન આપવાનું રહેશે.

૧૨. વિદ્યાસહાયકની નોકરી માટે ઉમેદવારોની લઘુત્તમ વય મર્યાદા ૧૮ વર્ષની રહેશે અને મહત્તમ વય મર્યાદા – ૨૮ વર્ષની રહેશે.

૧૩. બે વર્ષ બાદ વિદ્યાસહાયક તરીકે નિમાયેલ ઉમેદવારની સેવાઓ સંતોષકારક જણાય તો જિલ્લા/મહાનગરપાલિકા/ નગરપાલિકાની પ્રાથમિક શિક્ષણ સમિતિના મહેકમમાં જે તે વર્ષે શિક્ષકોની નિવૃતિ સામે ખાલી પડતી જગ્યાઓ ઉપર "વિદ્યાસહાયકો" ને તબકકાવાર પ્રાથમિક શિક્ષકના નિયમિત પગાર ધોરણ રૂા. ૫૨૦૦–૨૦૨૦૦માં ક્રમાનુસાર સમાવવાના રહેશે. વિદ્યાસહાયકોને પ્રાથમિક શિક્ષકોના નિયમિત પગાર ધોરણમાં સમાવવાના હુકમો બે વર્ષની નોકરી પૂર્ણ થયા તારીખ અથવા નિવૃતિના કારણે જગ્યાની ઉપલબ્ધિ એ બંન્નેમાંથી જે મોડુ હોય તે તારીખથી કરવાના રહેશે. જે તે નાણાંકીય વર્ષમાં ૩૧મી મે થી કે ૩૧મી ઓકટોમ્બરથી શિક્ષકોની નિવૃતી/સ્વૈ.નિવૃતિથી ખાલી પડતી જગ્યાઓ જેટલાજ વિદ્યાસહાયકોને નિયમિત પગાર ધોરણમાં સમાવવાના રહેશે. પાંચ વર્ષના અંતે તમામ બાકી રહેતા વિદ્યાસહાયકોને પ્રાથમિક શિક્ષકના પગાર ધોરણમાં સમાવી લેવાના રહેશે.

૧૪. જે તે જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં ગુજરાતી માધ્યમ સિવાયની શાળાઓ માટે જે તે શાળાઓમાં ખાલી થતી/ ઉભી થતી જગ્યાઓ જે તે માધ્યમના ઉપર પ્રમાણેની લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરવાની રહેશે.

૧૫. સંદર્ભમાં દર્શાવેલ ક્રમ ૧ થી ૧૧ સામે દર્શાવેલા શિક્ષણ વિભાગના જુદા જુદા ઠરાવો આથી રદ કરવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(એસ.બી.ગરાસિયા)**
નાયબ સચિવ(પ્રાથમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.

- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- સિલેકટ ફાઇલ.